# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 08-04-2025 Day: Tuesday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **કૃપાલી મહિચ્છા** વાંચે છે.

---

## રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ગઇકાલે લિસ્બનમાં તેમના પોર્ટુગીઝ સમકક્ષ માર્સેલો રેબેલો ડી સોસા સાથે પ્રતિનિધિમંડળ સ્તરની વાતચીત કરી હતી. બેઠક બાદ સંયુક્ત મીડિયા સંબોધનમાં, રાષ્ટ્રપતિ મુર્મુએ ભારત-પોર્ટુગીઝ સંબંધોને ઐતિહાસિક ગણાવ્યા હતા જે હવે આધુનિક અને બહુ-પરિમાણીય ભાગીદારી તરીકે વિકસાવવામાં આવી રહ્યા છે.

રાષ્ટ્રપતિએ પોર્ટુગીઝ સમકક્ષ સાથે દ્વિપક્ષીય સંબંધોના વિવિધ ક્ષેત્રોને આવરી લેતા વ્યાપક અને રચનાત્મક વાતચીત કરી.

અગાઉના, રાષ્ટ્રપતિ મુર્મુએ પોર્ટુગીઝ રાષ્ટ્રીય કવિ લુઈસ વાઝ ડી કેમોએસની સમાધિ પર પુષ્પાંજલિ પણ અર્પણ કરી હતી.

-----------------------------------------------------------------------------------

## ગૃહમંત્રી સરહદ સુરક્ષા

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું, સરકાર દેશની સરહદોની સુરક્ષા માટે ઇલેક્ટ્રોનિક સર્વેલન્સ સિસ્ટમ તૈનાત કરી રહી છે તેમજ જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદીઓ દ્વારા થતી ઘૂસણખોરીને રોકવા માટે ભૂગર્ભ ક્રોસ બોર્ડર ટનલ શોધી કાઢવા અને તોડી પાડવા માટે ટેકનોલોજીનો ઉપયોગ કરાશે.

કઠુઆ જિલ્લાના હીરાનગર સેક્ટરમાં આંતરરાષ્ટ્રીય સરહદ નજીક બોર્ડર આઉટપોસ્ટ 'વિનય' ની મુલાકાત દરમિયાન સરહદ સુરક્ષા દળ-**BSF**ના જવાનોને સંબોધતા, શ્રી શાહે

**BSF**ના યોગદાનની પ્રશંસા કરી અને પડકારજનક પરિસ્થિતિઓમાં ફરજો બજાવવા બદલ સૈનિકોની પ્રશંસા કરી.

---

## ઇલે. વોરફેર

સંરક્ષણ મંત્રાલયે **Mi-**17 **V**5 હેલિકોપ્ટર માટે ઇલેક્ટ્રોનિક વોરફેર સ્યુટ અને એરક્રાફ્ટ મોડિફિકેશન કિટ્સ માટે ભારત ઇલેક્ટ્રોનિક્સ લિમિટેડ, બેંગલુરુ સાથે બે હજાર 385 કરોડ રૂપિયાના કરાર પર હસ્તાક્ષર કર્યા છે. ગઇકાલે નવી દિલ્હીમાં સંરક્ષણ સચિવ રાજેશ કુમાર સિંહની ઉપસ્થિતિમાં આ કરાર પર હસ્તાક્ષર કરાયા હતા.

આ અત્યાધુનિક **EW** સ્યુટ પ્રતિકૂળ વાતાવરણમાં હેલિકોપ્ટરની ક્ષમતામાં નોંધપાત્ર વધારો કરશે.

---

## માઓવાદી સમર્પણ

છત્તીસગઢના દાંતેવાડા જિલ્લામાં ગઇકાલે 26 માઓવાદીઓએ આત્મસમર્પણ કર્યું છે. જેમાંથી ત્રણ માઓવાદીઓ પર સાડા ચાર લાખ રૂપિયાનું ઇનામ જાહેર કરવામાં આવ્યું હતું. આ માઓવાદીઓએ પોલીસ અધિક્ષક ગૌરવ રાય સમક્ષ આત્મસમર્પણ કર્યું હતું.

દરમિયાન, નારાયણપુર જિલ્લામાં, પાંચ મહિલા માઓવાદીઓએ પણ આત્મસમર્પણ કર્યું છે. તેમના પર એક-એક લાખ રૂપિયાનું ઇનામ જાહેર કરવામાં આવ્યું હતું. આત્મસમર્પણ કરનારા માઓવાદીઓને પ્રોત્સાહન તરીકે પચીસ હજાર રૂપિયાનો ચેક આપવામાં આવ્યો હતો.

---

## કોંગ્રેસ અધિવેશન

અખિલ ભારતીય કોંગ્રેસ મહાસમિતિનું રાષ્ટ્રિય અધિવેશન આજથી અમદાવાદ ખાતે શરૂ થાય છે. બે દિવસનાં અધિવેશનમાં પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ મલિકર્જુન ખડગે મહાસચિવ વેણુ ગોપાલ, વિપક્ષી નેતા રાહુલ ગાંધી સોનિયા ગાંધી પ્રિયંકા ગાંધી કર્ણાટકનાં મુખ્યમંત્રી સિદ્ધરમૈયા, અશોક ગેહલોત, શક્તિસિહ ગોહિલ સહિતનાં નેતાઓ બે દિવસનાં અધિવેશન માં ભાગ લેશે. લગભગ 1800 પ્રતિનિધિઓ વિવિધ ચર્ચા માં જોડાશે.

---------------------------------------------------------------------------------

## આઇપીએલ ક્રિકેટ

ઇન્ડિયન પ્રીમિયર લીગ- **IPL T-**20 ક્રિકેટ: રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે મુંબઈ ઇન્ડિયન્સને 12 રને હરાવ્યું. ગઈકાલે રાત્રે મુંબઈમાં રમાયેલી મેચમાં બેંગ્લોરે પ્રથમ બેટિંગ કરતા પાંચ વિકેટે 221 રન બનાવ્યા હતા. લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી મુંબઈ ઈન્ડિયન્સની ટીમ નિર્ધારિત 20 ઓવરમાં ફક્ત 209 રન જ બનાવી શકી.

આજે **IPL**માં બે મેચ રમાશે. પહેલી મેચ કોલકાતા નાઈટ રાઈડર્સ અને લખનૌ સુપર જાયન્ટ્સ વચ્ચે કોલકાતામાં બપોરે 3.30 વાગ્યે રમાશે. બીજી મેચ પંજાબ કિંગ્સ અને ચેન્નાઈ સુપર કિંગ્સ વચ્ચે ચંદીગઢમાં રમાશે..

---------------------------------------------------------------------------------

## આરોગ્ય કર્મચારી હડતાળ

રાજ્યભરમાં આરોગ્ય કર્મચારીઓએ હડતાળને ત્રણ મહિના પૂરતી મોકૂફ રાખી છે. ગાંધીનગરનાં અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે કે, આરોગ્ય કર્મચારીઓએ ગઇકાલે આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ સાથે મુલાકાત કરી હતી.

આ અંગે આરોગ્ય કર્મચારી મહાસંઘના પ્રમુખ રણજિતસિંહ મોરીએ જણાવ્યું કે, સરકાર ગ્રેડ પે પર મંથન કરવા તૈયાર છે. તેમજ એસ્મા કાયદા હેઠળની કાર્યવાહીમાં પણ સરકાર હકારાત્મક અભિગમ અપનાવશે. આ ઉપરાંત કર્મચારીઓને મળવાપાત્ર લાભ આપવાના ઠરાવ અંગે સરકારે સમય માગ્યો હોવાનું શ્રી મોરીએ જણાવ્યું હતું.

---

## હવામાન

કચ્છમાં છેલ્લા એકાદ સપ્તાહથી પડી રહેલી ગરમીના કારણે જનજીવનને અસર પહોંચી છે. ગઇકાલે કંડલા 45.3 ડિગ્રી તાપમાન નોંધાતાં સમગ્ર દેશમાં રાજસ્થાનના બાડમેર પછી અંજાર-ગાંધીધામ સંકુલ બીજા નંબરનું મોખરાનું ગરમ મથક બન્યું હતું. હવામાન વિભાગે વધુ બે દિવસ રેડ એલર્ટ અને ત્રીજા દિવસે ઓરેન્જ એલર્ટની ચેતવણી જારી કરી છે, તો બે દિવસ માટે વોર્મ નાઈટની પણ ચેતવણી આપવામાં આવી છે. ગઇકાલે  જિલ્લા મથક ભુજમાં પણ 42.9 ડિગ્રીએ તાપની આકરી આણ યથાવત રહી હતી. હવામાન વિભાગે હજુ ત્રણ દિવસ મહત્તમ પારો 41થી 4પ ડિગ્રી વચ્ચે રહેવાની ચેતવણી જારી કરી છે.

---